GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

# રાષ્ટ્રીય પ્રગતિ માટે નવીનતા અને કુશળતા વિકાસ

ડૉ. દિપાલીબેન જે. દવે

મદદનીશ અધ્યાપક,

શ્રી સ્વામી વિવેકાનંદ કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**સારાંશ (Abstract):**

૨૧મી સદીમાં જ્ઞાનઆધારિત અર્થતંત્ર અને વૈશ્વિક સ્પર્ધાના યુગમાં નવીનતા અને કુશળતા વિકાસ રાષ્ટ્રીય પ્રગતિના મુખ્ય પરિબળો તરીકે ઉભર્યા છે. નવીનતા સર્જનાત્મક વિચારને વ્યવહારિક મૂલ્યમાં રૂપાંતરિત કરીને ઉદ્યોગ, શિક્ષણ અને સમાજમાં ગુણાત્મક પરિવર્તન લાવે છે, જ્યારે કુશળતા વિકાસ માનવ સંસાધનને કાર્યક્ષમ અને રોજગારક્ષમ બનાવે છે. આ સંશોધનપત્રમાં નવીનતા અને કુશળતા વિકાસના પરસ્પર સંબંધ, રાષ્ટ્રીય વિકાસમાં તેમની ભૂમિકા, ભારતમાં અમલમાં આવેલી પહેલો તેમજ વર્તમાન પડકારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ ગુણાત્મક પદ્ધતિ પર આધારિત છે અને દ્વિતીયક માહિતીના વિશ્લેષણ દ્વારા તારણો રજૂ કરે છે. અભ્યાસ દર્શાવે છે કે શિક્ષણ સુધારા, ઉદ્યોગ–શૈક્ષણિક સહયોગ, ડિજિટલ કુશળતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન દ્વારા નવીનતા આધારિત અને કુશળતાસભર સમાજનું નિર્માણ શક્ય બને છે. અંતે, સંશોધન સૂચવે છે કે રાષ્ટ્રીય પ્રગતિ માટે નવીનતા અને કુશળતા વિકાસ વચ્ચે સંતુલિત અને સંકલિત અભિગમ અનિવાર્ય છે.

**ચાવીરૂપ શબ્દો:** નવીનતા, કુશળતા વિકાસ, માનવ સંસાધન, રોજગારક્ષમતા, રાષ્ટ્રીય વિકાસ

**1. પ્રાસ્તાવિક :**

વૈશ્વિકીકરણ અને ડિજિટલ યુગમાં દેશોની પ્રગતિ માટે માત્ર ભૌતિક સંપત્તિ પૂરતી નથી, પરંતુ સર્જનાત્મક વિચારશક્તિ અને કુશળ માનવબળ પણ જરૂરી છે. ભારત પાસે યુવા વસ્તીનું વિશાળ પ્રમાણ છે, જે યોગ્ય માર્ગદર્શન અને તાલીમ દ્વારા રાષ્ટ્રીય વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપી શકે છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

## 2. રાષ્ટ્રીય પ્રગતિમાં નવીનતાની ભૂમિકા:

નવીનતા (Innovation) એટલે સર્જનાત્મક વિચાર, ટેકનોલોજી અને નવી પદ્ધતિઓ દ્વારા નવી મૂલ્યસૃષ્ટિ કરવી. આજના જ્ઞાનઆધારિત યુગમાં નવીનતા દેશના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે મુખ્ય ચાલકબળ બની છે. રાષ્ટ્રીય પ્રગતિ માટે નવીનતા માત્ર ઉદ્યોગ ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી, પરંતુ શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને શાસન ક્ષેત્રે પણ તેનો વ્યાપ છે. રાષ્ટ્રીય પ્રગતિમાં નવીનતાની ભૂમિકા ભિન્ન ભિન્ન રીતે જોવા મળે છે. જે નીચે મુજબ છે.

### 2.1 આર્થિક વિકાસમાં ફાળો:

નવીનતા આધારિત ઉદ્યોગો ઉત્પાદન ક્ષમતા વધારવામાં અને નવા રોજગાર સર્જવામાં મદદરૂપ બને છે. નવી ટેકનોલોજી ખર્ચ ઘટાડે છે, સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકતા વધે છે, નિકાસમાં વધારો અને GDP વૃદ્ધિ થાય છે. આ રીતે નવીનતા દેશના આર્થિક સશક્તિકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### 2.2 રોજગાર સર્જન અને ઉદ્યોગ સાહસિકતા:

નવીનતા નવા વ્યવસાય અને સ્ટાર્ટઅપ તકો ઉભી કરે છે, યુવાનો માટે સ્વરોજગાર, નવી સેવાઓ અને ઉત્પાદનો, જોબ ક્રિએટર તરીકે યુવાનોની ભૂમિકામાં આ પરિબળો બેરોજગારી ઘટાડવામાં સહાયક બને છે.

### 2.3 સામાજિક વિકાસમાં નવીનતા:

સામાજિક ક્ષેત્રે નવીનતા જીવનની ગુણવત્તા સુધારે છે, આરોગ્યમાં ડિજિટલ હેલ્થ અને ટેલિમેડિસિન, શિક્ષણમાં ઈ–લર્નિંગ અને સ્માર્ટ ક્લાસરૂમ, કૃષિમાં સ્માર્ટ ફાર્મિંગ અને પ્રીસીઝન ટેકનોલોજી આ નવીનતાઓ સામાજિક સમાનતા અને સુખાકારી વધારવામાં મદદ કરે છે.

### 2.4. શિક્ષણ ક્ષેત્રે નવીનતા:

શૈક્ષણિક નવીનતા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને વિચારશક્તિ વિકસાવે છે. પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ, અનુભવાત્મક અભ્યાસ આ અભિગમને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

National Education Policy 2020 દ્વારા પણ પ્રોત્સાહન મળ્યું છે, જે નવીન અને કુશળતામુખી શિક્ષણ પર ભાર મૂકે છે.

**2.5. ટેકનોલોજીકલ પ્રગતિ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા:**

નવીનતા ટેકનોલોજીકલ વિકાસને ગતિ આપે છે, જેના કારણે દેશ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બને છે. સંશોધન અને વિકાસમાં વધારો, ડિજિટલ અર્થતંત્ર મજબૂત બને, વૈશ્વિક રોકાણ અને પ્રતિભા આકર્ષાય છે.

**2.6. શાસન અને જાહેર સેવાઓમાં નવીનતા:**

નવીનતા ગવર્નન્સમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારવામાં મદદરૂપ બને છે. ઈ–ગવર્નન્સ, ડિજિટલ સેવાઓ, સ્માર્ટ સિટી પહેલ. આથી નાગરિકોને ઝડપી અને સરળ સેવાઓ મળે છે. રાષ્ટ્રીય પ્રગતિ માટે નવીનતા એક પરિવર્તનકારી શક્તિ છે, જે આર્થિક વૃદ્ધિ, સામાજિક વિકાસ અને ટેકનોલોજીકલ પ્રગતિને એકસાથે આગળ ધપાવે છે. નવીનતા આધારિત શિક્ષણ, સંશોધન અને ઉદ્યોગસાહસિકતા દેશને આત્મનિર્ભર અને વૈશ્વિક નેતૃત્વ તરફ દોરી શકે છે. તેથી સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગ વચ્ચે સંકલિત પ્રયાસો દ્વારા નવીનતા સંસ્કૃતિ વિકસાવવી આજના સમયની જરૂરિયાત છે.

**3. રાષ્ટ્રીય પ્રગતિમાં કુશળતા વિકાસની ભૂમિકા:**

કુશળતા વિકાસ (Skill Development) એટલે વ્યક્તિના જ્ઞાન, કાર્યક્ષમતા, ટેકનિકલ ક્ષમતા અને જીવનકૌશલ્યોનો સંવર્ધન. આજના વૈશ્વિક અને ડિજિટલ યુગમાં માત્ર શૈક્ષણિક ડિગ્રી પૂરતી નથી, પરંતુ પ્રયોગાત્મક કુશળતા રાષ્ટ્રીય વિકાસ માટે આવશ્યક બની છે. કુશળ માનવબળ દેશના આર્થિક, સામાજિક અને ટેકનોલોજીકલ વિકાસને ગતિ આપે છે. રાષ્ટ્રીય પ્રગતિમાં કુશળતાની ભૂમિકા ભિન્ન ભિન્ન રીતે જોવા મળે છે. જે નીચે મુજબ છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

**3.1. રોજગાર ક્ષમતા વધારવામાં ફાળો:**

કુશળતા વિકાસનો મુખ્ય હેતુ રોજગારક્ષમતા વધારવાનો છે. વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ માટે જરૂરી પ્રયોગાત્મક કુશળતા વિકસે, બેરોજગારી અને અર્ધબેરોજગારીમાં ઘટાડો, કંપનીઓને તાલીમબદ્ધ માનવબળ ઉપલબ્ધ થાય.આથી શિક્ષણ અને રોજગાર વચ્ચેનું અંતર ઘટે છે.

**3.2. આર્થિક વિકાસમાં યોગદાન:**

કુશળ માનવબળ ઉત્પાદનક્ષમતા અને કાર્યક્ષમતા વધારવામાં સહાયક બને છે. ઉદ્યોગોમાં ગુણવત્તાસભર ઉત્પાદન, ખર્ચ ઘટાડો અને નફામાં વધારો, નિકાસમાં વૃદ્ધિ અને GDP વધારો. આ રીતે કુશળતા વિકાસ દેશના આર્થિક સશક્તિકરણમાં મહત્વપૂર્ણ પરિબળ બને છે.

**3.3. ઉદ્યોગ સાહસિકતા અને સ્વરોજગાર:**

કુશળતા વિકાસ યુવાનોને નોકરી શોધનાર નહીં પરંતુ નોકરી સર્જનાર બનાવે છે. સ્ટાર્ટઅપ અને નાના ઉદ્યોગોની સ્થાપના, સ્વરોજગારની તકો, નવી સેવાઓ અને ઉત્પાદનોનું સર્જન,આ અભિગમ આત્મનિર્ભર ભારતના લક્ષ્યને મજબૂત બનાવે છે.

**3.4. ટેકનોલોજી અપનાવવામાં સહાય :**

ડિજિટલ યુગમાં નવી ટેકનોલોજી અપનાવવા માટે ટેકનિકલ કુશળતા જરૂરી છે. AI, Robotics, Data Science જેવી નવી કુશળતાઓ, ડિજિટલ લિટરેસી અને ઓનલાઈન કાર્યક્ષમતા, આથી દેશ ટેકનોલોજીકલ રીતે સશક્ત બને છે.

**3.5. સામાજિક વિકાસમાં ફાળો :**

કુશળતા વિકાસ માત્ર આર્થિક નહીં પરંતુ સામાજિક વિકાસમાં પણ સહાયક છે. ગરીબી અને અસમાનતા ઘટાડે, મહિલાઓ અને ગ્રામ્ય યુવાનોને સશક્ત બનાવે, જીવનની ગુણવત્તામાં સુધારો આથી સમાવેશી વિકાસ (Inclusive Growth) શક્ય બને છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

**3.6. શિક્ષણ–ઉદ્યોગ ગેપ ઘટાડવામાં ભૂમિકા:**

પરંપરાગત શિક્ષણમાં સિદ્ધાંત પર ભાર હોય છે, જ્યારે ઉદ્યોગને પ્રયોગાત્મક કુશળતા જોઈએ છે. ઇન્ટર્નશિપ અને એપ્રેન્ટિસશિપ, ઉદ્યોગ આધારિત અભ્યાસક્રમ, પ્રોજેક્ટ અને પ્રયોગાત્મક અભ્યાસ આ રીતે કુશળતા વિકાસ શિક્ષણને વધુ પ્રાસંગિક બનાવે છે.

**3.7. રાષ્ટ્રીય પહેલો અને કુશળતા વિકાસ:**

ભારતમાં કુશળતા વિકાસ માટે અનેક પહેલો હાથ ધરવામાં આવી છે: Skill India Mission – યુવાનોને ઉદ્યોગમુખી તાલીમ, National Education Policy 2020 – વ્યવસાયિક શિક્ષણ અને કુશળતા આધારિત અભ્યાસ, Digital India – ડિજિટલ કુશળતા વિકાસ આ પહેલો ભારતને કુશળ માનવબળના વૈશ્વિક કેન્દ્ર તરીકે વિકસાવવામાં મદદરૂપ છે.

**3.8. જીવનભર અભ્યાસની સંસ્કૃતિ:**

કુશળતા વિકાસ એક સતત પ્રક્રિયા છે. અપસ્કિલિંગ અને રિસ્કિલિંગ, ઓનલાઈન કોર્સ અને તાલીમ, બદલાતા ઉદ્યોગ જરૂરિયાતો મુજબ નવી કુશળતા આ અભિગમ વ્યક્તિ અને દેશ બંનેને સ્પર્ધાત્મક બનાવે છે. કુશળતા વિકાસ રાષ્ટ્રીય પ્રગતિ માટે મૂળભૂત અને પરિવર્તનકારી તત્વ છે. તે રોજગાર સર્જન, આર્થિક વૃદ્ધિ, ટેકનોલોજીકલ સશક્તિકરણ અને સામાજિક સમાનતા તરફ દોરી જાય છે. યુવાનોમાં પ્રયોગાત્મક કુશળતા, ઉદ્યોગસાહસિકતા અને ડિજિટલ ક્ષમતાનો વિકાસ કરીને દેશ આત્મનિર્ભર અને વૈશ્વિક સ્પર્ધામાં અગ્રેસર બની શકે છે. તેથી, શિક્ષણ વ્યવસ્થા, ઉદ્યોગ અને સરકાર વચ્ચે સંકલિત પ્રયાસો દ્વારા કુશળતા વિકાસને પ્રાથમિકતા આપવી આજના સમયની અનિવાર્ય જરૂરિયાત છે.

**4. ઉપસંહાર :**

આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે કે નવીનતા અને કુશળતા વિકાસ રાષ્ટ્રીય પ્રગતિના પરસ્પર પૂરક અને અનિવાર્ય તત્વો છે. નવીનતા આર્થિક વૃદ્ધિ, સામાજિક સુખાકારી અને ટેકનોલોજીકલ પ્રગતિ માટે માર્ગ મોકળો કરે છે, જ્યારે કુશળતા વિકાસ તે નવીનતાને કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં રૂપાંતરિત કરે છે. ભારત જેવા વિકાસશીલ દેશ માટે યુવા વસ્તી એક મહત્વપૂર્ણ શક્તિ છે, જે યોગ્ય શિક્ષણ,

તાલીમ અને માર્ગદર્શન દ્વારા રાષ્ટ્રીય વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. અભ્યાસ દર્શાવે છે કે નીતિ સ્તરે થયેલા પ્રયાસો હોવા છતાં શિક્ષણ–ઉદ્યોગ ગેપ, ડિજિટલ અસમાનતા અને સંશોધન માટે મર્યાદિત સંસાધનો જેવા પડકારો હજી પણ અસ્તિત્વમાં છે. તેથી, અનુભવાત્મક શિક્ષણ, ઉદ્યોગ સહયોગ, સંશોધન પ્રોત્સાહન અને જીવનભર અભ્યાસની સંસ્કૃતિ વિકસાવવી જરૂરી છે. અંતમાં, એવું કહી શકાય કે નવીનતા અને કુશળતા વિકાસને કેન્દ્રમાં રાખીને રચાયેલી શિક્ષણ અને વિકાસ નીતિઓ દેશને સ્થિર આર્થિક વૃદ્ધિ, સામાજિક સમાનતા અને વૈશ્વિક નેતૃત્વ તરફ દોરી શકે છે. આ માટે સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગ અને સમાજ વચ્ચે સંકલિત પ્રયાસો આવશ્યક છે.

**સંદર્ભસૂચિ**

1. Government of India (2020). National Education Policy
2. NITI Aayog Innovation Reports
3. UNESCO Skill Development Studies
4. World Bank Skill Development Report
5. OECD Innovation Strategy